Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-2, September-2022

# દાંતા વિસ્તારનાં ડુંગરી ભીલ આદિવાસીઓનાં સામાજિક રીત-રિવાજોમાં પરિવર્તન

**પટેલ રાકેશભાઈ નરસિંહભાઈ**
Ph.D Research Scholar, ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, MO:- 9925445069,
E-mail:- rakeshpatel6155@gmail.com

***સારાંશ:-***

*ભારત ભાતીગળ સંસ્કૃતિ ધરાવતો દેશ છે. જેમાં અલગ-અલગ જ્ઞાતિ અને સમુદાયો વર્ષોથી રહેતાં આવ્યાં છે. આ બધા જ સમુદાયોમાં આદિવાસી સમુદાય પોતાની આગવી જીવનશૈલી અને સંસ્કૃતિ ધરાવે છે. પ્રકૃતિનાં ખોળે વસનારી પ્રકૃતિપ્રેમી પ્રજા એટલે આદિવાસી પ્રજા. બનાસનાં કાંઠે આવેલ બનાસકાંઠા જિલ્લો ગુજરાતમાં તેની આગવી ઓળખ ધરાવે છે. આ જિલ્લામાં દાંતા તાલુકો આવેલ છે. દાંતા તાલુકો અરવલ્લીની ગિરિમાળા,પ્રાકૃતિક સૌંદર્ય અને ભૌગોલિક વિશિષ્ટતાનાં કારણે જાણીતો છે. દાંતા તાલુકામાં ભીલ લોકોની પેટા જાતિ ડુંગરી ભીલ અને સોખલા ગરાસિયા વર્ષોથી વસવાટ કરે છે. ડુંગરી ભીલ લોકો મુખ્ય જાતિ તરીકે તરાળ, ખૈર, ખાટ, બુબડિયા, ડાભી વગેરે ગોત્ર નામો ધરાવે છે. જે રાણપુર અને અંબાજી વિસ્તારને બાદ કરતાં દાંતા તાલુકાનાં મોટાભાગનાં ગામડાઓમાં વસેલા છે. સ્વતંત્ર સ્વભાવ અને ખમીરવંતા એ તેમની 'આગવી ઓળખ છે. પહાડી પ્રદેશોમાં વર્ષોથી વસનારી,અરણ્યજીવન જીવનારી પ્રજા છે. ડુંગરી ભીલ લોકોનાં જન્મથી માંડીને મરણ સુધીનાં સામાજિક રીત-રિવાજો અન્ય સમાજો કરતાં અલગ પડે છે. ડુંગરી ભીલ લોકો પોતાનાં સામાજિક રીત-રિવાજોમાં પોતાની સાંસ્કૃતિક પરંપરાને જાળવી રાખીને સમૂહભાવના અને સંગઠનથી કામ કરનારી પ્રજા છે. દરેક સમાજનાં સામાજિક રીત રિવાજોમાં સમયાંતરે પરિવર્તન આવ્યા જ કરે છે કારણ કે પરિવર્તન સંસારનો નિયમ છે. બદલાતાં સમયની સાથે ડુંગરી ભીલ આદિવાસીઓનાં સામાજિક રીત-રિવાજોમાં પણ પરિવર્તન આવેલ છે.શિક્ષણ,આર્થિક સ્થિતિમાં સુધારો, અન્ય સમાજોનું અનુકરણ વગેરે કારણોના લીધે પરિવર્તન આવેલુ જોવા મળે છે.પ્રસ્તુત શોધપત્ર દ્વારા આદિવાસી સંસ્કૃતિને જાણવાનો હેતુ રહેલો છે.પ્રસ્તુત શોધપત્રમાં દાંતા તાલુકાનાં ડુંગરી ભીલ આદિવાસીઓનાં સામાજિક રીત-રિવાજો અને તેમાં આવેલું પરિવર્તનની છણાવટ કરવામાં આવી છે.*

***ચાવીરૂપ શબ્દો*** *: પરિવર્તન, ડુંગરી ભીલ, દાંતા, લગ્ન, આદિવાસી*

**પ્રસ્તાવના :-**

ભારત દેશમાં વિવિધ સંસ્કૃતિ ધરાવતાં સમુદાયો વસવાટ કરે છે.અલગ-અલગ સમુદાયોમાં આદિવાસી સમુદાય પોતાની આગવી સંસ્કૃતિ અને જીવનશૈલીનાં કારણે અલગ તરી આવે છે.સાર્થ જોડણીકોશ મુજબ આદિવાસી એટલે, 'મૂળ આદિકાળથી વસ્તુ; અસલ વતની; આદિજાતિનું કે તેને લગતું ' એવો અર્થ થાય છે."આદિજાતિ એટલે પ્રાચીન સમયથી રહેતો આવેલો અને હાલ માનવસંસ્કૃતિના પ્રારંભિક સ્તરે જીવન વિતાવતો જનસમૂહ. આદિજાતિ માટે અંગ્રેજીમાં ' એબોરિજિનલ ' (મૂળ વતનીઓ) કે 'પ્રિમિટિવ ' (આદિમ) જેવા શબ્દો વપરાય છે. ભારતમાં આદિજાતિ માટે સમાન્યતઃ આદિવાસી (tribal) શબ્દ પ્રચલિત છે."[1] આદિવાસી લોકો જંગલોમાં તથા પહાડી પ્રદેશોમાં વસનારી પ્રકૃતિપેમી અને ઉત્સવપ્રિય પ્રજા છે.પ્રકૃતિ સાથે તાલમેલ કરીને પ્રકૃતિને નુકશાન કર્યા વગરની સાદગીપૂર્ણ અને સ્વસ્થ જીવનશૈલી તેઓએ અપનાવી છે.આધુનિક ઔધોગિકરણથી પ્રભાવિત સમાજો કરતાં તેઓનું જીવન સૌથી વધારે કુદરતને આધીન હોય છે.

"જંગલોમાં રહેતા હોય તેમને માટે વનવાસીઓ અને ડુંગરો, પહાડો, કંદરા કે કોતરોમાં વસનારાઓ માટે ગિરિજનો જેવા પર્યાયો પણ

વપરાય છે."[2] આદિવાસી લોકો મોટેભાગે જંગલો અને પહાડોની હારમાળામાં વસે છે. દાંતા તાલુકાનાં ડુંગરી ભીલ આદિવાસીઓ અરવલ્લીની હારમાળામાં વસતાં હોવાથી તેમને માટે વનવાસીઓ અને ગિરિજનો જેવા શબ્દો વપરાય છે.ડુંગરી ભીલ આદિવાસીઓ જીવનનાં દરેક સુખદ પ્રસંગોને ઉત્સવપ્રિય બનાવનારી પ્રજા છે.

ભારતમાં મધ્યપ્રદેશ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, છત્તીસગઢ, ગુજરાત, ઝારખંડ, આંધ્રપ્રદેશ, પશ્ચિમબંગાળ, બિહાર વગેરે રાજ્યોમાં આદિવાસી લોકો વર્ષોથી વસવાટ કરે છે. ગુજરાતમાં અલગ-અલગ જિલ્લાઓમાં વત્તા-ઓછા પ્રમાણમાં આદિવાસી લોકોની વસતિ રહેલી છે. ગુજરાતમાં ડાંગ જિલ્લાથી માંડીને બનાસકાંઠાનાં દાંતા અને અમીરગઢ વિસ્તાર સુધીનાં પૂર્વ પટ્ટામાં આદિવાસી લોકો વસેલા છે.

"2011 ની વસતિ ગણતરી પ્રમાણે ગુજરાતની કુલ વસતિ 6 કરોડ જેટલી છે, જેમાં આદિવાસીઓની વસતિ 90 લાખ જેટલી છે. જે કુલ વસતિનાં 14.76 ટકા જેટલી થાય છે."[3] ગુજરાતનાં આદિવાસીઓ મુખ્યત્વે પૂર્વ વિભાગનાં ડુંગરાળ જિલ્લાઓમાં વસેલા છે. જેમાં ડાંગ, વલસાડ, નવસારી, સુરત,તાપી, ભરૂચ, વડોદરા,પંચમહાલ, નર્મદા, સાબરકાંઠા,બનાસકાંઠા વગેરે જિલ્લાઓનો સમાવેશ થાય છે. " હાલમાં ગુજરાતમાં કુલ ૨૫ આદિવાસી જાતિઓ વસવાટ કરે છે."[4] આ જાતિઓમાં ભીલ, તડવી, ચૌધરી, ધોડીયા, નિનામા, રાઠવા,કટારા, ડામોર,પટેલિયા ,પઢાર, નાયકા, ગામીત વગેરેનો સમાવેશ થાય છે. આ બધી જાતિઓમાં ભીલ, હળપતિ, રાઠવા, ઢોડીયા, નાયકા, કુંકણી, ચૌધરી વગેરે જાતિઓની સંખ્યા ગુજરાતમાં વધુ છે.

" જે તાલુકામાં ૫૦ ટકાથી વધુ વસ્તી હોય તેવા તાલુકાને ' આદિવાસી તાલુકા ' તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતમાં આવા ૪૮ આદિવાસી તાલુકાઓ છે, જે ૧૪ જિલ્લાઓમાં આવેલા છે."[5] કેટલાક તાલુકાઓમાં 80 ટકાથી વધુ આદિવાસી વસતિ ધરાવે છે. બનાસકાંઠામાં દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં આદિવાસી લોકોની વસતિ વધુ છે .જેમાં દાંતા તાલુકામાં ડુંગરી ભીલ આદિવાસીઓ વધુ છે.

**દાંતા તાલુકાનો પરિચય** : -

"2011 ની વસતિ ગણતરી પ્રમાણે બનાસકાંઠા જિલ્લાની કુલ વસતિ 3120506 છે. જેમાં અનુસૂચિત
જનજાતિની વસતિ 284155 છે. જે જિલ્લાની કુલ વસતિના 9.11 ટકા જેટલી છે."[6] ગુજરાત રાજ્યની ઉત્તર-પૂર્વમાં બનાસકાંઠા જિલ્લો આવેલો છે. જિલ્લાની મધ્યમાં થઈને વહેતી બનાસનદીનાં નામ પરથી 'બનાસકાંઠા ' નામ પડેલ છે. બનાસકાંઠા જિલ્લાની ઉત્તરે રાજસ્થાન રાજ્યનાં મારવાડ અને સિરોહી વિસ્તારો, દક્ષિણમાં મહેસાણા અને પાટણ જિલ્લો, પૂર્વમાં સાબરકાંઠા જિલ્લાનો વિસ્તાર અને પશ્ચિમમાં કચ્છ જિલ્લો આવેલો છે.બનાસકાંઠા જીલ્લાના 14 તાલુકાઓ પૈકી દાંતા અને અમીરગઢ તાલુકાઓમાં આદિવાસી લોકોની વસતિ વધુ છે. પ્રાચીન પહાડ અરવલ્લીની હાળમાળાથી બંને તાલુકાઓ જોડાયેલા છે. " દાંતા તાલુકાનાં ૧૮૪ ગામોમાંથી ૧૨૩ ગામોમાં અને અમીરગઢ તાલુકાનાં ૬૯ ગામોમાંથી 53 ગામોમાં આદિવાસીઓ વસે છે."[7] દાંતા તાલુકામાં આદિવાસી લોકોની વસતિ વધુ છે. દાંતા તાલુકાની ઉત્તર દિશામાં સાબરકાંઠા જિલ્લાનાં પોશીના તાલુકાનાં ગામો અને રાજસ્થાન રાજ્યની સરહદ આવેલી છે, જ્યારે દક્ષિણ દિશામાં મહેસાણા જિલ્લાની સરહદને સ્પર્શે છે. દાંતા તાલુકાની પૂર્વ દિશામાં ખેડબ્રહ્મા તાલુકો અને પશ્ચિમ દિશામાં વડગામ તાલુકો આવેલો છે. દાંતાથી પશ્ચિમ દિશામાં નવાવાસ ગામના રસ્તે દાંતોરીયા વીરનું પવિત્ર સ્થાન છે.આ વીરના નામ પરથી ગામનું નામ દાંતા પડેલ છે એવું માનવામાં આવે છે .દાંતા ગામ તાલુકાનું મુખ્યમથક છે.જે રાજાશાહીના સમયમાં દાંતા સ્ટેટ તરીકે ઓળખાતું હતું.અરવલ્લીની ગિરિમાળા અને પ્રકૃતિનાં સાનિધ્યમાં શોભતો દાંતા તાલુકો તેની આગવી વિશેષતા રજૂ કરેછે સમગ્ર

ભારતદેશમાં પ્રખ્યાત એવું માં જગદંબાનું પવિત્ર યાત્રાધામ અંબાજી પણ દાંતા તાલુકામાં આવેલ છે.જિલ્લાનાં મુખ્યમથક પાલનપુરથી દાંતા ગામ 40 કિલોમીટર જેટલું દૂર છે.

**ભીલ જાતિનો પરિચય** :-

" ભીલ શબ્દ મૂળ દ્રવિડ ભાષાના ' બીલ્લુ ' શબ્દમાંથી ઊતરી આવ્યો છે, જેનો અર્થ બાણ અથવા તીર થાય છે. "[8] ભીલો પ્રાચીન સમયથી પોતાની સાથે તીર અથવા બાણ રાખતાં આવેલાં છે; જેના કારણે તેઓ ભીલ નામથી ઓળખાયા છે તેવું માનવામાં આવે છે. આર્ય જાતિ પહેલાં ભીલ લોકો આપણાં દેશમાં વસતાં હતાં. આર્ય લોકોના આવવાથી અને તેમની સાથે થયેલાં યુદ્ધોનાં કારણે ભીલ લોકોની હાર થતાં તેઓ પહાડોમાં અને જંગલોમાં ચાલી ગયા એવું મનાય છે.

" રાજગાદી પરનાં તેમનાં મૂળ અધિકારની સાબિતીરૂપે હજુ આજે પણ કેટલાક રાજપૂત રાજ્યોમાં રાજ્યાભિષેક વખતે ભીલના ભીલના અંગૂઠાના લોહીથી રાજાને પહેલું તિલક કરવાનો રિવાજ છે."[9] ભીલ જાતિના લોકોનું રાજપૂત રાજ્યોમાં આગવું મહત્વ રહેલું હતું.ભીલ જાતિના લોકો આજ દેશનાં હતાં કે આર્યપ્રજાની જેમ બહારથી આવીને વસેલા છે.તે બાબતે ચોક્કસ વિધાન કરવું મુશ્કેલ છે.ભારતમાં અલગ-અલગ જનજાતિઓનાં 500 સમુદાયો પૈકી જેટલા સમુદાયો ગુજરાતમાં વસે છે તે બધામાં ભીલજાતિનું આગવું મહત્વ રહેલું છે.ગુજરાતમાં આદિવાસી વસતિની વાત કરવામાં આવે તો તેમાં સૌથી વધુ વસતિ ભીલોની છે.ભીલ જાતિમાં ભીલ ગરાસિયા, ડુંગરી ભીલ,ડુંગરી ગરાસિયા,મેવાસી ભીલ,રાવળ ભીલ,ભીલાલા,પાવરા,વસાવા,તડવી ભીલ વગેરે પેટાજાતિઓનો સમાવેશ થાય છે.આ પૈકી દાંતા તાલુકાનાં વિસ્તારમાં ભીલોની પેટાજાતિ ડુંગરીભીલ અને સોખલા ગરાસિયા વસે છે. અંબાજીથી માંડીને રાણપુર આંબા સુધીનાં વિસ્તારમાં સોખલા ગરાસિયાઓની વસતિ વધારે છે,જ્યારે બાકીના દાંતા તાલુકાનાં વિસ્તારમાં ડુંગરી ભીલોની વસતિ વધુ છે.ડુંગરી ભીલો અને સોખલા ગરાસિયાઓ એકબીજા સાથે સામાજિક,ધાર્મિક કે લગ્ન સંબંધો રાખતાં નથી.ડુંગરી ભીલો દાંતા તાલુકાનાં સાંઢોશી,કુકડી,ઉદાવાસ,જામરૂ,છોટા પિપોદરા, ખંડોર ઉંબરી, ખેરમાળ,ભદ્રમાળ, કુંવારશી, બારવાસ,બોરડીયા,દલપુરા વગેરે ગામોમાં વસેલા છે. ડુંગરી ભીલો મુખ્ય જાતિ તરીકે પારઘી,ગમાર,ખૈર,તરાળ,ખાટ,ડાભી,પરમાળ,બુંબડિયા,રાઠોડ,કોદરવી વગેરે ગોત્ર નામો ધરાવે છે . એક જ ગોત્રનાં લોકો ભાઈ –ભાઈ ગણાય છે . પુત્રને પિતાનું ગોત્ર વારસામાં મળે છે.

ભીલ લોકોને પોતાની કોઈ લિપિ ન હોવાથી તેમની ભાષા ભીલી તરીકે ઓળખવા કરતાં ભીલી બોલી તરીકે ઓળખવી વધુ યોગ્ય ગણાય.

**ડુંગરી ભીલ આદિવાસીઓનાં સામાજિક રીત-રિવાજો અને પરિવર્તન** :-

**જન્મનાં રીત-રિવાજો**:-

ભીલ કુટુંબમાં બાળકનાં જન્મવાનાં સમયે સુવાવડ માટે ખોલરુ (ઝૂંપડું ) ની પસંદગી કરવામાં આવે છે. ખોલરાની અંદર કોઈ એક ખૂણામાં ખાટલો ઢાળીને સુવાવડ કરાવાય છે. " સુવાવડ સમયે 'હુયાણી '( દાયણી ) ને બોલાવવામાં આવે છે. આ ઉપરાંત 'કરલી દેવાવાળા ' ( પેટ દબાવવાળા ) બે અનુભવી પુરુષોને પણ બોલાવવામાં આવે છે."[10]

સાંઢોસી ગામના આદિવાસી આગેવાન અને ભીલ લોકસાહિત્યનાં સંશોધક અને સંપાદક એવા શ્રી નવજીભાઇ ડાભીના જણાવ્યા મુજબ, " બાળકનો જન્મ દાયણ દ્વારા ઘરે કરાવાય છે.સાત દિવસ સુધી અલગ ખાટલો,પાણી અને સ્ત્રીને રખાય છે. ત્યારબાદ દાયણ બાળકનું નામ પાડે છે અને થાળી વગાડે છે. પાંચ રોટલા, ઘી,ગોળ,સાડલો દાયણને અપાય છે તથા મકાઈનાં દાણા બાફી નાના બાળકોને અપાય છે."[11] બાળક જન્મે એટલે દાયણ દ્વારા તીરનાં ધારદાર પાન વડે ' નાળ '(ઓર) વધેરવામાં આવે છે અને આ નાળને સુવાવડી સ્ત્રીનાં ખાટલા નીચે ખાડો કરીને દટાય છે. તીરને પ્રસુતાનાં માથા બાજુ ખાટલા ઉપર ઊભું ખોસવામાં આવે છે. આ રીતે તીર

રાખવાથી પ્રસુતાને કોઈપણ પ્રકારની બીક લાગતી નથી તેવું મનાય છે.

" પ્રસુતિ થઈ તેને તેઓ ' ઝાપો થો ' એમ કહે છે."[12] સ્ત્રીનાં પ્રસુતિ સમયે સ્ત્રીનો પતિ તથા પિયર પક્ષનું નજીકનું સગા-સંબંધી અવશ્ય હાજર રહે છે. જો સુવાવડ વખતે પિયર પક્ષની કોઈ વ્યક્તિ હાજર ના હોય અને પ્રસુતાં સ્ત્રી સુવાવડ દરમ્યાન મૃત્યુ પામે તો પિયર પક્ષવાળા અમારી બહેન, દીકરીને મારી નાખી છે એવા આરોપ સાથે સરેતરું કરે છે. સુવાવડ વખતે સ્ત્રીને ગોળ,ઘઉં તથા અજમાનું 'માતર '(ચૂરમું ) આપવામાં આવે છે.બાળકનાં જન્મવાની ખુશીમાં ગોળ વહેંચવામાં આવે છે.

પ્રવર્તમાન સમયમાં ડુંગરી ભીલ આદિવાસીઓનાં જન્મનાં રિવાજોમાં પરિવર્તન જોવા મળે છે. આદિવાસી સમાજમાં ગર્ભ પરીક્ષણ કરવામાં આવતું નથી કે દીકરા-દીકરીનો કોઈ ભેદ પણ રાખવામાં આવતો નથી. દીકરો જન્મે કે દીકરી બંનેનું આગવું મહત્વ રહેલું છે. નવા જન્મનાર બાળકને કોઈ રોગ ન થાય તે માટે નજીકનાં દવાખાને રિપોર્ટ કરાવે છે. સ્ત્રીઓને સુવાવડ વખતે નજીકનાં સરકારી દવાખાને લઈ જવામાં આવે છે . સુવાવડના
સમય દરમ્યાન સમયાંતરે નજીકનાં દવાખાનેથી દવા લાવવામાં આવે છે. દાયણ દ્વારા સ્ત્રીને ઘરે સુવાવડ કરાવવામાં નોધપાત્ર ઘટાડો થયેલ જોવા મળે છે.

**બાબરી ( બાધા ):-**

ડુંગરી ભીલ જાતિમાં છોકરીની બાબરી કરવામાં આવતી નથી. પ્રથમ પુત્રની બાધા પિયર પક્ષમાં મામાના ઘરે કરવામાં આવે છે જેને ' વતાંમણાં ' કહેવામાં આવે છે. આદિવાસી આગેવાન દિપકભાઇ ડાભીનાં જણાવ્યા મુજબ, " યુવાન મોટો થાય ત્યારે લગ્ન પહેલાં મામાનાં ઘરે લઈ જવાય છે અને કુળદેવીની ત્યાં બકરાનો ભોગ ચડાવી જમણવાર થાય છે."[13] બાધા વખતે માથાનાં વાળ કાપવામાં આવતાં નથી પરંતુ વિધિ કરવામાં આવે છે. બે ધજાઓ અને બકરો લઈને યુવાન અને તેના સબંધીઓ મામાના ઘરે આવે છે. બાધા કરાવનાર ભાણીયાને મામા દ્વારા સાફો કે માળા પહેરાવાય છે અને બહેનને સાડી અપાય છે, ત્યારબાદ દેવરા અને કુળદેવીને ધજા ચડાવી વિધિ કરવામાં આવે છે.મામાના ભાઈઓ ભેગા મળીને સવારની વિધિ પૂર્ણ થયા બાદ આવેલ સબંધીઓને નાસ્તો આપે છે. નાસ્તામાં શીરો,દાળ-ભાત અથવા રોટલી -શાક અપાય છે. નાસ્તો કર્યા બાદ બધા લોકો ગીતો ગાય છે અને ૩ વાગ્યાની આસપાસ બકરાનું જમણ થાય છે. નાસ્તાનો ખર્ચ અને જમણનાં મરી-મસાલાનો ખર્ચ મામાઓ દ્વારા કરાય છે. જમણવાર પૂર્ણ થયા બાદ બધા છૂટા પડે છે.

પહેલા કરતાં નવરાશનો સમય ઓછો હોવાથી અને રોજી-રોટીની જરૂરિયાતનાં લીધે તેઓ લાંબો સમય લેતાં નથી. બાધાનો જમણવાર જલ્દીથી પતાવીને તેઓ છૂટા પડે છે. આર્થિક સ્થિતિ પ્રમાણે નાસ્તામાં પરિવર્તન જોવા મળે છે.

**ડામ દેવાની પ્રથા:-**

ડુંગરી ભીલ સમાજમાં ડામ દેવાની પ્રથા જોવા મળે છે. જેમાં નાના બાળકોને થતાં ' ટાબરિયાં ' જેવા વિશિષ્ટ પ્રકારનાં રોગમાં ડામ દેવામાં આવે છે. જેમાં બાળકને સોય વડે પાંસળીઓ નીચે ત્રિશુળ આકારે ડામ દેવાય છે. ડામ જે જગ્યાએ દેવાય છે તેને તેઓ ' ડૂબકી 'નાં નામે ઓળખે છે. ડામનો જાણકાર અને અનુભવી માણસ દ્વારા જ ડામ આપવામાં આવતાં હોય છે.

પ્રવર્તમાન સમયમાં શિક્ષણનાં વિકાસનાં કારણે ડામ દેવાની પ્રથામાં ઘટાડો થયેલ જોવા મળે છે. દાંતા વિસ્તારનાં કેટલાક ગામડાઓને બાદ કરતાં ડામ દેવાની પ્રથા લગભગ નામશેષ થયેલ છે. ડુંગરી ભીલ આદિવાસીઓ તેમનાં બાળકોને થતાં વિવિધ રોગો માટે નજીકનાં સરકારી કે પ્રાઈવેટ દવાખાને લઈ જાય છે અને દવા કરાવે છે.

**ગોઠિયા-ગોઠણની પ્રથા:-**

જેમ પ્રકૃતિ મુક્ત બની પોતાની શોભા વધારે છે અને ખીલે છે તેવી રીતે ડુંગરી ભીલ

તરૂણ-તરૂણી મુક્ત બની એકબીજાને પ્રેમ કરી શકે છે. લગ્ન પહેલાં ભીલ સમાજમાં યુવક-યુવતી પ્રેમ કરીને જાતીય સંબંધો બાંધી શકે છે. આ સંબંધોનો માતા-પિતા કે સમાજ વિરોધ કરતો નથી. આ સંબંધો સમાજ સ્વીકૃત ગણાય છે. લગ્ન બાદ સમાજ આ સબંધોને માન્યતા આપતું નથી,એટલે કે લગ્ન બાદ સ્ત્રી પોતાનાં અગાઉનાં પ્રેમી સાથે સબંધો રાખી શકતી નથી. સ્ત્રી માટે તેનો પતિ જ સર્વસ્વ ગણાય છે. દરેક ડુંગરી ભીલ યુવકને ગોઠણ તથા દરેક ડુંગરી ભીલ યુવતીને ગોઠિયો હોય છે.

" લગ્ન પહેલાંના જાતીય સબંધો વિશે મોટેરાંના ઉદાર માનસને પ્રગટ કરતી એ કહેવત પણ પ્રચલિત છે, " તાંલરીમાંહી ઘેંહ જે ખાય એણાની,થાળીમાં આવે પેસ એક તણીની." ( " હાંલ્લીમાંની ઘેંશ જે ખાય તેની પણ થાળીમાં આવ્યાં પછી તે ઘેંશ એક ધણીની.") "[14] પ્રકૃતિનાં સાનિધ્યમાં એકબીજા પ્રત્યે સહજ રીતે આકર્ષણ અનેરૂ હોય છે. ડુંગરી ભીલોમાં સ્ત્રી પોતાનાં પ્રેમી સાથે લગ્ન બાદ સબંધો રાખી શકતી નથી.જો સ્ત્રી અગાઉનાં પ્રેમી સાથે સબંધો રાખેતો તેને અપરાધ ગણાય છે અને તે સ્ત્રીનો પતિ સ્ત્રીનાં પ્રેમીનું ખૂન કરે છે. અમૂક સમયે દાવાની મોટી રકમ પણ વસૂલ કરવામાં આવે છે.

ગોઠિયા-ગોઠણ પ્રથામાં પણ પરિવર્તન જોવા મળે છે.કેટલાક યુવક-યુવતીઓ ગોઠિયા-ગોઠણ ધરાવતાં નથી. સ્ત્રીઓ લગ્ન બાદ પ્રેમી જોડે સબંધો રાખતી નથી.જેથી પ્રેમીનું ખૂન કરવાનાં બનાવો નહિવત બને છે.

**લગ્ન:-**

ડુંગરી ભીલ લોકો પોતાનાં ગોત્રમાં લગ્ન કરતાં નથી.તેઓ માતાના ગોત્રમાં લગ્ન કરી શકે છે; એટલે કે માતા તરાળ ગોત્રની હોય તો કન્યા પણ તરાળ ગોત્રની લાવી શકે છે. ડુંગરી ભીલ યુવક-યુવતીઓમાં ગોઠિયા-ગોઠણ રાખવાની પ્રથા હોવાથી કાકા-પિતરાઇ,ભાઈ-બહેનોથી દૂરનાં એક જ ગોત્રનાં યુવક-યુવતીને ગોઠિયા-ગોઠણ બનાવી શકે છે પરંતુ તે એક જ ગોત્રનાં હોવાથી તેની સાથે લગ્ન કરી શકતાં નથી.બંને અલગ-અલગ ગોત્રનાં હોવા છતાં તેઓ પોતાનાં ગામમાં લગ્ન કરી શકતાં નથી.દાંતા વિસ્તારનાં ડુંગરી ભીલ લોકો દાંતા,વિજયનગર,ખેડબ્રહ્મા,પોશીના અને રાજસ્થાન વિસ્તારમાં લગ્ન કરે છે.

" ભીલ આદિવાસીઓમાં લગ્ન પછી પણ સ્ત્રી પિયરના ( પિતાના ) ગોત્રથી ઓળખવામાં આવે છે, તેના પતિના ગોત્રનાં નામથી ઓળખવામાં આવતી નથી."[15] સ્ત્રી પિયરનાં ગોત્રથી ઓળખવામાં આવતી હોવાથી સ્ત્રીનાં ગોત્રમાં લગ્ન કરી શકાય છે.સ્ત્રી પોતાનાં પિયરનાં ગોત્રદેવની ધ્વજા પણ પોતાનાં પતિના ઘરે ગોત્રદેવનાં ચિહ્ન તરીકે ચઢાવે છે. ડુંગરી ભીલ આદિવાસીઓમાં સ્ત્રીનાં પિયર પક્ષનું આગવું મહત્વ રહેલું છે. ડુંગરી ભીલ આદિવાસીઓમાં નીચે મુજબનાં લગ્નનાં પ્રકાર જોવા મળે છે.

**1.નાસી જવાની લગ્નપ્રથા:-**

ડુંગરી ભીલ યુવક-યુવતી લગ્નની બાબતમાં સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવે છે. યુવક-યુવતી સામાજિક પ્રસંગે, લગ્નનાં પ્રસંગે કે પ્રાદેશિક મેળામાં સામ-સામે મનમેળ થતાં તેઓ અજ્ઞાત જગ્યાએ નાસી જતાં હતાં.ત્યારબાદ માતા-પિતા અને સગા-સંબંધી દ્વારા ભાગી ગયેલ યુવક-યુવતીને શોધી લાવવામાં આવતાં અને કન્યા પક્ષ દ્વારા કન્યાનું દાપું ( રકમ ) નક્કી કરવામાં આવતું. તે દાપાની રકમ વરપક્ષવાળાએ આપવી પડતી અને સાથે ભોજનનો ખર્ચ પણ આપવો પડતો. દાપું અને ભોજન આપ્યા બાદ જ સમાજ તેમના લગ્નનો સ્વીકાર કરતો.

ડુંગરી ભીલ સમાજમાં નાસી જવાની લગ્નપ્રથામાં ઘટાડો થયેલ જોવા મળે છે. શિક્ષણનાં વિકાસના કારણે આ પ્રથા નામશેષ થયેલ નથી પરંતુ ઘટાડો ચોક્કસ થયેલ છે.

**2.માતા-પિતાની પસંદગીથી લગ્ન કરવાની પ્રથા:-**

ડુંગરી ભીલ સમાજમાં યુવક-યુવતીઓનાં લગ્નો માતા-પિતાની પસંદગીથી નક્કી કરવામાં આવતાં

હોય છે. આ લગ્નપ્રથામાં પણ વર-કન્યાની સંમતિ ચોક્કસ લેવામાં આવે છે. માતા-પિતા કોઈ સામાજિક

પ્રસંગે અથવા ‘ ગોર ’ જેવા પ્રસંગે કન્યાને જોઈને પોતાના દિકરા અને કુટુંબ માટે પસંદ કરતાં હોય છે. ત્યારબાદ તે ગામનાં પોતાનાં સંબંધી દ્વારા કન્યાનાં માતા-પિતા સુધી વાત પહોંચાડવામાં આવતી હોય છે. વાત પહોંચાડયા બાદ સામ-સામે બંને પક્ષો દ્વારા વર-કન્યાને જોવામાં આવતાં હોય છે. બંને પક્ષો દ્વારા બધી જ રીતે અનુકૂળ આવતાં તેઓ લગ્ન કરવાની સંમતિ આપતાં હોય છે.

પ્રવર્તમાન સમયમાં આ પ્રથામાં સુધારો થયેલ જોવા મળે છે. માતા-પિતાની પસંદગીથી નક્કી થતાં લગ્નમાં વર-કન્યાની સંમતિનું મહત્વ વધી ગયું છે. એટલે કે માતા-પિતાને કન્યા પસંદ આવી હોય પણ પોતાનાં દીકરાને કન્યા પસંદ ન આવી હોયતો લગ્ન થતાં નથી.

**3.કન્યાનાં પિતાનાં ‘ ખોલરે ’ જઈને લગ્ન નક્કી કરવાની પ્રથા:-**

“ સર્વ સંમતિ પછી વર પક્ષનાં નજીકનાં પાંચ કુટુંબીજનો શુકન જોઈને લગ્ન નક્કી કરવાં જાય છે. લગ્ન નક્કી કરવાની પ્રથાને ‘ લગન નોતાવું ’ કહે છે.”[16] આ પ્રકારની લગ્નપ્રથામાં વરપક્ષનાં નજીકનાં પાંચ કુટુંબીજનો
કન્યા પક્ષે લગ્ન નક્કી કરવા જાય છે . જ્યારે તેઓ લગ્ન નક્કી કરવાં જતાં હોય છે ત્યારે તેઓ સાથે ગોળ અને દારૂ લઈને જાય છે. વર અને કન્યાપક્ષે કાકાને વિશેષ મહત્વ અપાય છે. સામ-સામે બંને પક્ષો દ્વારા કન્યાનું દાપુ (દહેજ) નક્કી કરાય છે.દાપાની રકમ નક્કી કર્યા બાદ વર પક્ષવાળા લોકો ગોળ વહેંચે છે.જ્યારે કન્યા પક્ષવાળા લોકો સગાઈની જાહેરાત કરતાં હોય છે.“અહીં વરપક્ષ તરફથી કન્યાપક્ષને દારૂ પાવાનો રિવાજ છે. જમવાની વ્યવસ્થા કન્યા પક્ષવાળા કરે છે.”[17] લગ્ન નક્કી કર્યા બાદ જો લગ્ન કરવાનો સમય લાંબો હોય તો બંને એકબીજાને મળી શકે છે. આ સમય દરમ્યાન સંતાન થાય તો સ્વીકારી લેવાય છે. ભીલ આદિવાસી સમાજમાં સ્ત્રી જ્યારે વિધવા બને ત્યારે તે પોતાનાં મૂળ પતિનાં ઘરે બીજો પતિ લાવી શકે છે.તેને ભીલ સમાજમાં ‘ઘઝમાઈ’ નાં નામે ઓળખવામાં આવે છે. ડુંગરી ભીલ આદિવાસી સમાજમાં જ્યારે આર્થિક સ્થિતિ સારી થાય ત્યારે લગ્ન કરવામાં આવતાં હોવાથી લગ્નમાં પોતાનાં સંતાનોની હાજરી પણ જોવા મળે છે.

આજનાં આધુનિક સમયમાં લગ્ન પ્રણાલીમાં પણ ફેરફાર થયેલ જોવા મળે છે.આજથી 30-40 વર્ષ પહેલાં કન્યાનાં દાપાની રકમ 40 રૂપિયા હતી અને વિધવાનાં 11 રૂપિયા લેવાનો રિવાજ હતો .આ રકમમાં સુધારો થતાં આજે 3000 થી 5000 રૂપિયા દાપાની રકમ લેવામાં આવે છે. પહેલાનાં સમયે જાન પગે ચાલીને જતી હતી; આજે ટ્રક, ટેમ્પા, ટ્રેક્ટર કે અન્ય વાહનોમાં જાય છે. જાનમાં ઢોલ,વાઝું, ડીજેનો ઉપયોગ વધુ થવા લાગ્યો છે. લગ્નમાં પહેરવેશ,ખોરાક,શણગાર વગેરે બાબતોમાં ડુંગરી ભીલ સમાજમાં બદલાતાં સમયની સાથે પરિવર્તન આવ્યું છે.

**સમાપન**:-

દાંતા વિસ્તારનાં ડુંગરી ભીલ આદિવાસીઓનાં અલગ-અલગ સામાજિક રીત-રિવાજો છે અને દરેક સામાજિક રિવાજોનુ આદિવાસી સમાજમાં આગવું મહત્વ રહેલું છે. જન્મથી માંડીને મરણ સુધીનાં રિવાજોમાં ડુંગરી ભીલ લોકોએ પોતાની સંસ્કૃતિને જાળવી રાખી છે. બદલાતાં સમયની સાથે દરેક સમાજમાં વત્તા-ઓછા પ્રમાણમાં પરિવર્તન આવ્યા જ કરે છે.કોઈપણ સમાજ પરિવર્તન વગર રહી શકતો નથી. ડુંગરી ભીલ સમાજમાં પણ સામાજિક રીત-રિવાજોમાં ઘણા અંશે પરિવર્તન આવ્યું છે. શિક્ષણ,આરોગ્યની સેવાઓમાં વધારો, આર્થિક સ્થિતિમાં ફેરફાર, મનોરંજનના સાધનોમાં વધારો, અન્ય સમાજનું અનુકરણ વગેરે પરિબળોને લીધે દાંતા વિસ્તારનાં ડુંગરી ભીલ આદિવાસીઓનાં સામાજિક રીત-રિવાજોમાં પરિવર્તન આવેલું જોઈ શકાય છે. પરિવર્તનની સાથે કદમ મિલાવીને પણ ડુંગરી ભીલ લોકોએ સામાજિક રીત-રિવાજો દ્વારા પોતાની આદિવાસી સંસ્કૃતિ અને વારસાને ચોક્કસ જાળવી રાખ્યો છે.અંતમાં એટલું ચોક્કસ કહી શકાય કે ડુંગરી ભીલો પ્રકૃતિનાં

સાનિધ્યમાં પહાડી પ્રદેશમાં વસનારાં અને સ્વતંત્ર સ્વભાવ ધરાવનારાં ખમીરવંતા છે

**પાદનોંધ :-**


1. ઠાકર, મીનાક્ષી. આદિવાસી વિકાસ અને વન. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, પ્રથમ આવૃતિ : 2004,
   પૃ. 1.
2. એજન, પૃ. 1.
3.https://censusindia.gov.in/nada/index.php/catalog/43023. date- 06/08/2022.
4. જોષી, સત્યકામ. ગુજરાતનાં આદિવાસીઓ: ઓળખ,પરિવર્તન અને પડકારો ઐતિહાસિક સંદર્ભે, આદિવાસી
   ગુજરાત vol-4, અમદાવાદ: આદિ.સં.તાલીમ.સંસ્થા, જાન્યુ-જુન 2020, પૃ. 16.
5. એજન, પૃ. 16.
6.https://censusindia.gov.in/nada/index.php/catalog/43023/download/46691/ST-24-PCA-A11-APPENDIX.xlsx.date-17/08/2022.
7. પંચાલ, વીરચંદ ( સં ). બનાસની અરવલ્લી સંસ્કૃતિ. અમદાવાદ: નવભારત સાહિત્ય મંદિર, પ્રથમ આવૃતિ:
   ઓગષ્ટ 2008, પૃ. 1.
8. ઠાકર, મીનાક્ષી. ઉપરોક્ત, પૃ. 124.
9. એજન, પૃ. 124-125.
10. ઝાલા, રઘુવીરસિંહ આર. ઇડર પ્રદેશ સર્વસંગ્રહ ભાગ-2. સુરત, પ્રથમ આવૃતિ: 2018, પૃ. 355.
11. નવજીભાઇ માધાભાઈ ડાભી, સાંઢોસી, રૂબરૂ મુલાકાત, 29/08/2021.
12. પટેલ, ભગવાનદાસ. આદિવાસી ઓળખ. ગાંધીનગર: માહિતી ખાતું ગુજરાત રાજ્ય, 1999, પૃ. 111.
13. દિપકભાઇ લલ્લુભાઈ ડાભી, સાંઢોસી, રૂબરૂ મુલાકાત, 16/05/2021.
14. પટેલ, ભગવાનદાસ. ઉપરોક્ત, પૃ. 115.
15. પટેલ, ભગવાનદાસ. ગોપીચંદ-ભરથરીની વારતા, મુંબઈ: શિવશંકર ચુનીલાલ જોશી ચેરિટેબલ ટ્રસ્ટ, પ્રથમ
   આવૃતિ: 2005, પૃ. 16.
16. પટેલ, ભગવાનદાસ, ઉપરોક્ત, પૃ. 116.